**Press note in Divya Bhaskar Dated on 22-sep-2019**

## ખરાબ રસ્તાના કારણે પરિવહન પર થતી અસર

# દહેજમાં યોજાયેલી ઓપન હાઉસ બેઠકમાં રસ્તાનો મુદ્દો ચર્ચાયો

## ઉદ્યોગોને લગતા અન્ય પ્રશ્નોની પણ ચર્ચા વિચારણા કરાઈ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લાના દહેજ ખાતે આવેલી સ્પેશીયલ ઈકોનોમિક ઝોન (સેઝ) ખાતે સેઝના ડેવલોપમેન્ટ કમિશનરની અધ્યક્ષતામાં સેઝ -1 અને 2 ના કો.ડેવલોપર્સ સાથે ઓપન હાઉસ બેઠક યોજાઈ હતી. જેમાં સેઝમાં આવેલી કંપનીઓના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. બેઠકમાં ખાસ ભરૂચ-દહેજ માર્ગની પણ વિસ્તૃત ચર્ચાઓ કરાઈ હતી.

દહેજમાં આવેલા સ્પેશીયલ ઈકોનોમિક ઝોન સેઝ- 1 અને 2 માં ઘણી બધી કંપનીઓ આવેલી છે. જેના ડેવલોપમેન્ટની સંપૂર્ણ જવાબદારીઓ સેઝ કચેરી દ્વારા કરવામાં આવે છે. સેઝ કચેરી દ્વારા દર ત્રણ મહિને કંપનીઓના પ્રશ્નો અંગે ઓપન હાઉસ બેઠક યોજવામાં આવે છે. પરંતુ સેઝના ડેવલોપમેન્ટ કમિશનર અનિલ ચૌધરીની ઉપસ્થિતિમાં પ્રથમ ઓપન હાઉસની બેઠક શુક્રવારના રોજ સેઝની કચેરીએ મળી હતી. જેમાં દહેજ સેઝ લિમિટેડ, જીઆઈડીસી, જીએસપીએલ, બીએસએનએલ, ટોરેન્ટ પાવર, કસ્ટમ અધિકારી અને સપ્તગિરિ હોસ્પિટાલીટી ના અધિકારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

...અનુસંધાન પાના નં.2

**દહેજમાં યોજાયેલી...**

બેઠકમાં સેઝમાં આવેલી કંપનીઓના વિવિધ મુદ્દાઓ, પ્રશ્નો પર વિસ્તૃત ચર્ચા વિચારણાઓ કરવામાં આવી હતી. જ્યારે કંપનીઓના પ્રશ્નોનું સત્વરે નિરાકરણ કરવામાં આવે તે બાબતે ડેવલોપમેન્ટ કમિશનર દ્વારા યોગ્ય પગલા ભરવાની સૂચનાઓ આપી હતી. જોકે અત્રે ઉલ્લેખનીય છે કે, ઓપન હાઉસમાં હાજર રહેલા કંપનીઓ દ્વારા ભરૂચ-દહેજને જોડતા રોડની બિસ્માર હાલતના કારણે પરિવહન પર થતી અસરો અંગે વિશે પણ રજુઆત કરાઈ હતી. જે અંગે કમિશનર અનિલકુમારે જણાવ્યું હતું કે, દહેજ-ભરૂચને જોડતો માર્ગ તેમના સેઝ બહારનો પ્રશ્ન છે પરંતુ મારા તરફથી તેના અધિકારીઓને પત્ર લખીને રજૂઆત કરવાની બાંહેધરી આપી હતી.